

# આઝાદી આપણને ભેટમાં મળી નથી કોઈકના જીવનના અંતિમ શ્વાસથી મળી છે

આઝાદી શબ્દ સાંભળતાં જ આપણા મનમાં ત્રિરંગો લહેરાતો દેખાય છે, દેશભક્તિનાં ગીતો સંભળાય છે અને ‘જય હિંદ’નો નાદ ગુંજી ઊઠે છે પરંતુ ક્યારેય આપણે થોભીને વિચાર્યું છે કે આજે જે સ્વતંત્ર હવામાં આપણે શ્વાસ લઈ રહ્યા છીએ, એ હવા મેળવવા માટે કેટલાં લોકોએ પોતાના શ્વાસ દેશના નામે રોકી દીધા હશે? આપણે જે સ્વતંત્રતાને આજે ખૂબ સહજતાથી જીવીએ છીએ, એ કોઈ ભેટ નહોતી, કોઈ શાસકે દયા કરીને આપેલી સોગાત નહોતી. આઝાદી તો લાખો જાણીતા-અજાણ્યા ભારતીયોનાં સંઘર્ષ, ત્યાગ, આંસુ, લોહી અને અંતિમ શ્વાસમાંથી જન્મેલી અમૂલ્ય ધરોહર છે. આજે આપણે જન્મથી જ સ્વતંત્ર છીએ. આપણને ખબર નથી કે ગુલામીનો અર્થ શું હોય છે. આપણને કોઈ પરદેશી શાસક સામે માથું નમાવીને જીવવું પડતું નથી. આપણા હાથમાં ત્રિરંગો હોય ત્યારે કોઈ આપણને રોકતું નથી. આપણે પોતાની ભાષામાં બોલી શકીએ છીએ, પોતાના વિચારો વ્યક્ત કરી શકીએ છીએ, પોતાની પસંદગી પ્રમાણે જીવન જીવી શકીએ છીએ પરંતુ આ અધિકારો હંમેશાં આપણા હતા નહીં. એક સમય એવો હતો જ્યારે આ ધરતી પર રહેતાં લોકો પોતાના જ દેશમાં પરાધીન હતા. પોતાના ખેતરમાં મહેનત કરનાર ખેડૂતને પણ અન્યાય સામે અવાજ ઉઠાવવો મુશ્કેલ હતો. પોતાના જ દેશના સંસાધનો પર પોતાનો અધિકાર હોવા છતાં શાસન બીજાનું હતું.

અને પછી શરૂ થયો સંઘર્ષ-

કોઈએ હથિયાર ઉઠાવ્યાં, કોઈએ સત્યાગ્રહનો માર્ગ પસંદ કર્યો, કોઈએ જેલની કાળી કોટડી સ્વીકારી, કોઈએ લાઠીઓ **ખાધી, કોઈએ** ગોળીઓ ખાધી અને કોઈએ ફાંસીના માંચડે ચડીને પણ પોતાના હોઠ પરથી દેશનું નામ ઊતરવા દીધું નહીં.

મંગલ પાંડેના બળવાથી લઈને 1857ના મહાસંગ્રામ સુધી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના શૌર્યથી લઈને તાત્યા ટોપેના સંઘર્ષ સુધી–ભારતની ધરતીએ એવા અસંખ્ય વીરોને જન્મ આપ્યો જેમણે પોતાના જીવન કરતાં દેશની સ્વતંત્રતાને મોટી માની. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ જ્યારે પોતાના ઘોડા પર સવાર થઈને અંગ્રેજો સામે યુદ્ધ કર્યું ત્યારે તેમની સામે માત્ર એક સૈન્ય નહોતું; સામે એક વિશાળ સામ્રાજ્ય હતું. છતાં તેમણે પરિસ્થિતિ સામે ઘૂંટણ ટેક્યાં નહીં. તેમનું જીવન આપણને કહે છે કે સ્વતંત્રતા માટે લડનાર વ્યક્તિ પાસે હંમેશાં વિશાળ સૈન્ય હોવું જરૂરી નથી–હૃદયમાં હિંમત હોય તો એક વ્યક્તિ પણ ઈતિહાસની દિશા બદલી શકે છે. ભારતની આઝાદીની ગાથા માત્ર તલવાર અને બંદૂકની ગાથા નહોતી.

મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાને સંઘર્ષનું શસ્ત્ર બનાવ્યું. દાંડીકૂચ માત્ર મીઠાના કાયદા સામેનો વિરોધ નહોતો; તે એક ગુલામ રાષ્ટ્રના આત્મસન્માનની યાત્રા હતી. અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ અને ભારત છોડો આંદોલન જેવા અનેક પડાવોમાં સામાન્ય માણસ પણ સ્વતંત્રતાના આંદોલનનો ભાગ બન્યો. કોઈ ખેડૂત હતો, કોઈ મજૂર હતો, કોઈ વિદ્યાર્થી હતો, કોઈ શિક્ષક હતો, કોઈ વેપારી હતો અને કોઈ ઘર સંભાળતી સ્ત્રી હતી. આઝાદીની લડાઈ કોઈ એક વ્યક્તિની નહોતી; એ આખા રાષ્ટ્રની લડાઈ હતી. આ સંઘર્ષમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સંગઠન અને અડગ નેતૃત્વ, સુભાષચંદ્ર બોઝનો જુસ્સો, ભગતસિંહનું બલિદાન, ચંદ્રશેખર આઝાદની પ્રતિજ્ઞા, રાજગુરુ અને સુખદેવનો ત્યાગ– આ બધું ભારતની સ્વતંત્રતાની ગાથાના અમર પાનાં છે. ભગતસિંહ જેવા યુવાનોએ પોતાના જીવનની વસંત દેશને અર્પણ કરી દીધી. જે ઉંમરે આજનો યુવાન પોતાના ભવિષ્યનાં સપનાંઓ ગોઠવે છે, એ ઉંમરે કેટલાક યુવાનો પોતાના દેશનું ભવિષ્ય બચાવવા ફાંસીના ફંદા તરફ આગળ વધ્યા હતા. તેમના માટે મૃત્યુ અંત નહોતું; માતૃભૂમિ માટેનું બલિદાન જીવનની સૌથી મોટી સિદ્ધિ હતું પરંતુ આપણે માત્ર જાણીતા નામો યાદ કરીને આઝાદીની કિંમત સમજી શકીશું નહીં.

આ ઈતિહાસની પાછળ હજારો નહીં, લાખો એવા લોકો હશે જેમના નામ કોઈ પાઠ્યપુસ્તકમાં લખાયા નહીં.

આ બલિદાનોનાં આંસુઓથી ભારતની સ્વતંત્રતાની કહાની લખાઈ છે એટલે જ આજે જ્યારે આપણે સ્વતંત્રતાની ઉજવણી કરીએ છીએ ત્યારે માત્ર ત્રિરંગો લહેરાવવો પૂરતો નથી. ત્રિરંગાનો અર્થ સમજવો જરૂરી છે. આપણે જે મતનો અધિકાર ભોગવીએ છીએ, જે બંધારણના અધિકારોનો ઉપયોગ કરીએ છીએ, જે સ્વતંત્રતાથી જીવન જીવીએ છીએ–તે બધાની પાછળ લાંબી ઐતિહાસિક યાત્રા છે. **આઝાદી એટલે મનમાની કરવાની છૂટ નહીં; આઝાદી એટલે જવાબદારી સાથે જીવવાનો અધિકાર.** આજે આપણે ઘણી વાર દેશભક્તિને માત્ર સોશિયલ મીડિયા પરની પોસ્ટ, ત્રિરંગાના પ્રોફાઈલ ફોટા અથવા બે દિવસના દેશભક્તિનાં ગીતો સુધી સીમિત કરી દઈએ છીએ.

> **શહીદોએ આપણને માત્ર સ્વતંત્ર દેશ આપ્યો નથી; તેમણે આપણને એક જવાબદારી પણ સોંપી છે. આ દેશને મજબૂત બનાવવાની જવાબદારી. આ દેશની એકતા જાળવવાની જવાબદારી. ગરીબ, વંચિત અને નબળા માણસના અધિકાર માટે ઊભા રહેવાની જવાબદારી. સ્ત્રીનું સન્માન કરવાની જવાબદારી**

પરંતુ સાચો પ્રશ્ન એ છે કે– શું આપણે આપણા દેશ પ્રત્યેની જવાબદારી સમજીએ છીએ?

શું આપણે જાહેર સંપત્તિનું રક્ષણ કરીએ છીએ? શું આપણે કાયદાનું પાલન કરીએ છીએ? શું આપણે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવીએ છીએ?

શું આપણે જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશના ભેદથી ઉપર ઊઠીને ભારતીય તરીકે એકબીજાને સ્વીકારીએ છીએ? શું આપણે આપણાં બાળકોને માત્ર સફળ બનવાનું શીખવીએ છીએ કે સારા નાગરિક બનવાનું પણ શીખવીએ છીએ? કારણ કે શહીદોએ આપણને માત્ર સ્વતંત્ર દેશ આપ્યો નથી; તેમણે આપણને એક જવાબદારી પણ સોંપી છે. આ દેશને મજબૂત બનાવવાની જવાબદારી. આ દેશની એકતા જાળવવાની જવાબદારી. ગરીબ, વંચિત અને નબળા માણસના અધિકાર માટે ઊભા રહેવાની જવાબદારી. સ્ત્રીનું સન્માન કરવાની જવાબદારી. પ્રકૃતિનું રક્ષણ કરવાની જવાબદારી અને સૌથી મોટી વાત–આઝાદીની કિંમત આગામી પેઢીને સમજાવવાની જવાબદારી.

આઝાદીનો દિવસ માત્ર રજા નથી.

આઝાદીનો દિવસ માત્ર ધ્વજવંદન નથી.

આઝાદીનો દિવસ માત્ર મીઠાઈ વહેંચવાનો દિવસ નથી. આ દિવસ એ પ્રશ્ન પૂછવાનો દિવસ છે કે જે આઝાદી અમને આપણા પૂર્વજોએ પોતાના લોહીથી આપી, તેને આપણે કેવી રીતે સાચવી રહ્યા છીએ? આજે જ્યારે ત્રિરંગો આકાશમાં લહેરાય ત્યારે એક ક્ષણ માટે આંખો બંધ કરજો.

કલ્પના કરજો–

**કોઈ જેલની અંધારી કોટડીમાં બેઠેલા ક્રાંતિકારીની**
**કોઈ ફાંસીના માંચડે ઊભેલા યુવાનની**
**કોઈ રણભૂમિમાં લડતી વીરાંગનાની**
**કોઈ માતાની આંખોમાંથી વહેતાં આંસુની**
**કોઈ પિતાના તૂટેલા હૃદયની**
**કોઈ પત્નીની અધૂરી રાહની**
**અને કોઈ બાળકના એ સવાલની–**
**“મારા પપ્પા પાછા ક્યારે આવશે?”**

કદાચ ત્યારે આપણને સમજાશે કે આઝાદી ખરેખર કેટલી મોંઘી હતી. જ્યારે પણ ત્રિરંગો લહેરાતો જુઓ, ત્યારે માત્ર સલામી ન આપો તેની પાછળ રહેલા બલિદાનને હૃદયથી નમન કરો.

અને પોતાને એક વચન આપો–

**હું મારા દેશને માત્ર પ્રેમ નહીં કરું પરંતુ મારા કર્મોથી દેશને મજબૂત બનાવીશ.**

**હું મારી આઝાદીને માત્ર ભોગવીશ નહીં પરંતુ તેની રક્ષા કરીશ. હું મારાં બાળકોને માત્ર સારા ભવિષ્યનું સ્વપ્ન નહીં બતાવું પરંતુ સારા ભારતનું સ્વપ્ન પણ આપીશ. અને જેમણે પોતાના અંતિમ શ્વાસ સુધી ભારત માટે લડત આપી, તેમની કુરબાનીને ક્યારેય વ્યર્થ નહીં જવા દઉં.**

- વૈશાલી સાવલિયા




# દેશભક્તિનો સાચો અર્થ

મારી, તમારી ભક્તિ ઈશ્વર પ્રત્યેની, વ્યક્તિ પ્રત્યેની અલગ અલગ હોઈ શકે પણ પોતાના દેશ પ્રત્યેની ભક્તિ પણ જુદાં જુદાં સ્વરૂપે હોઈ શકે. મારે મન દેશભક્તિ એટલે પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ, દેશ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણની ભાવના. દેશભક્તિ માત્ર રાષ્ટ્રધ્વજને સલામ કરવા કે રાષ્ટ્રગીત ગાવા પૂરતી મર્યાદિત નથી પરંતુ એક એવી ભાવના છે જે વ્યક્તિને પોતાના દેશના કલ્યાણ, પ્રગતિ અને એકતા માટે કાર્ય કરવા પ્રેરિત કરે છે. દેશભક્તિ એટલે દેશની સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરાઓ અને નાગરિકોના હિતોનું સન્માન કરવું અને તેના વિકાસ માટે યોગદાન આપવું.

દેશભક્તિની વાત આવે એટલે દેશ પ્રત્યેનો પ્રેમભાવ જાગૃત થાય અને દેશ પ્રતિ ગૌરવની લાગણી અનુભવાય છે. દેશભક્ત પોતાના દેશની વિશેષતાઓ, ઈતિહાસ અને સંસ્કૃતિ પર ગર્વ અનુભવે છે. મારે મન એક સાચો દેશભક્ત એ છે જેણે દેશના કાયદાનું પાલન કરવું જોઈએ, સમાજની ભલાઈ માટે કામ કરવું જોઈએ અને દેશની એકતા જાળવવામાં ગૌરવ અનુભવે. સાચો દેશભક્ત એ છે જેનામાં બલિદાનની ભાવના હોય, જરૂર પડે તો દેશની રક્ષા અને પ્રગતિ માટે પોતાના સ્વાર્થને બાજુએ મૂકતાં જરા પણ ખચકાય નહીં.

> **દેશભક્તિ એટલે ફક્ત સૈન્યમાં જોડાવું એવું નહીં પરંતુ શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાય જેવાં ક્ષેત્રોમાં યોગદાન આપવું એ સાચી સમાજસેવા છે**

સમાજસેવા એ પણ સૌથી મોટી દેશભક્તિ છે. દેશભક્તિ એટલે ફક્ત સૈન્યમાં જોડાવું એવું નહીં પરંતુ શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાય જેવાં ક્ષેત્રોમાં યોગદાન આપવું એ સાચી સમાજસેવા છે. આપણો ભારત દેશ અનેક જાતિ અને વિવિધતાનો ભલે બનેલો હોય પણ આ બધામાં આપણને જે એક સૂત્રતાથી બાંધે છે તો તે છે એકતા અને સમાનતા. દેશની વિવિધતાને સ્વીકારીને બધા નાગરિકોને સમાન ગણવા અને ભેદભાવથી મુક્ત સમાજનું નિર્માણ કરવું એ જ સાચી દેશભક્તિ છે.

દેશના કાયદાઓનું પાલન કરવું, નૈતિક જીવન જીવવું અને દેશના હિતમાં નાના-નાના યોગદાન આપવા એ પણ સોફ્ટ દેશભક્તિ જ છે. બૌદ્ધિક દેશભક્તિ જેમાં દેશની સમસ્યાઓનું વિશ્લેષણ કરીને, ચર્ચાઓ દ્વારા કે લેખન દ્વારા દેશની પ્રગતિ માટે યોગદાન આપવું. લેખક, પત્રકારો, વિશ્લેષકો આ દાયીત્વ નિભાવી શકે છે.

દેશભક્તિ વ્યક્તિમાં નૈતિકતા, ઈમાનદારી અને જવાબદારીની ભાવના વધારે છે.

દેશભક્તિનો અર્થ અંધ નિષ્ઠા નથી પણ દેશની ખામીઓને સુધારવા માટે રચનાત્મક ટીકા કરવી એ પણ દેશભક્તિનો એક ભાગ જ છે. આમ દેશભક્તિ એ હૃદયની એવી ભાવના છે જે નાગરિકોને પોતાના દેશ માટે ઉત્તમ કામ કરવા પ્રેરે છે. તે એક એવી શક્તિ છે જે વ્યક્તિને નાનાં-મોટાં યોગદાન દ્વારા દેશની પ્રગતિમાં ભાગીદાર બનાવે છે.

**દીપક જગતાપ (રાજપીપળા)**